

**<u>પ્રેસનોટ – તા.૨૬/૦૭/૨૦૨૨</u>**

**<u>ધારી ટાઉનમાંથી બે બુલેટ મોટર સાયકલોની ચોરી કરનાર બે ઇસમોને ચોરીના બુલેટ મોટર સાયકલો, મળી કુલ કિં.રૂ.૧,૮૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

➩ **<u>ગુનાઓની વિગતઃ-</u>**

(૧) ગઇ તા.૨૨/૦૬/૨૦૨૨ ના રાત્રીના અગિયારેક વાગ્યા થી તા.૨૩/૦૬/૨૦૨૨ ના સવારના છ વાગ્યા દરમિયાન કોઇપણ સમયે ધારી ઉપલી કવાટર્સ પોલીસ લાઈન સામેથી ફરિયાદી જગદીશભાઇ ઉમરભાઇ સંધારનાઓનું રોયલ એનફિલ્ડ કંપનીનું બુલેટ મોટર સાયકલ, રજી.નંબર GJ-14-AS-4719, કિં.રૂ.૯૦,૦૦૦/- નું પાર્ક કરેલ હતું તે કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે **ધારી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.** ૧૧૧૯૩૦૧૮૨૨૦૪૭૧/૨૦૨૨, **આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. થયેલ.

(૨) ગઇ તા.૧૧/૦૭/૨૦૨૨ ના ક.૨૩/30 થી તા.૧૨/૦૭/૨૦૨૨ ક.૦૭/30 વાગ્યા દરમિયાન ધારી, જોષીબાગ, શીવાલય કોમ્પ્લેક્સની બાજુમાં શેરીમાં ફરિયાદી જગદીશભાઇ મોહનભાઇ કાતરીયાનું રોયલ એનફિલ્ડ કંપનીનું બુલેટ મોટર સાયકલ, રજી.નંબર GJ-01-UJ-6671, કિં.રૂ.૯૦,૦૦૦/- નું પાર્ક કરેલ હતું તે કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે **ધારી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૧૮૨૨૦૪૮૭/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** આજ તા.૨૬/૦૭/૨૦૨૨ ના અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમિયાન કુંકાવાવ જકાતનાકા તરફથી બે બુલેટ મોટર સાયકલ ચાલકો બે બુલેટ મોટર સાયકલો ઉપર નીકળતાં અને શંકાસ્પદ જણાતાં, બંને ઇસમોને રોકી ચેક કરતાં, આ બંને બુલેટ મોટર સાયકલો ધારી ટાઉનમાંથી ચોરાયેલ મોટર સાયકલો હોય, બંને ઇસમો સામે ધોરણસર કાર્યવાહી કરી, **અમરેલી સીટી પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➩ **<u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>**

**(૧) જયદીપ કનુભાઇ વાળા, ઉ.વ.૧૯, રહે.પાતળા, તા.ધારી, જિ.અમરેલી**
**(૨) રાજુ રમેશભાઇ ખીમાણીયા, ઉ.વ.૧૯, રહે. જળજીવડી, તા.ધારી, જિ.અમરેલી**

➩ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

**(૧) એક** રોયલ એનફિલ્ડ કંપનીનું બુલેટ મોટર સાયકલ, રજી.નંબર GJ-14-AS-4719, કિં.રૂ.૯૦,૦૦૦/-
**(૨) એક** રોયલ એનફિલ્ડ કંપનીનું બુલેટ મોટર સાયકલ, રજી.નંબર GJ-01-UJ-6671, કિં.રૂ.૯૦,૦૦૦/-
**મળી કુલ કિં.રૂ.૧,૮૦,૦૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસનોટ – તા.૨૭/૦૭/૨૦૨૨</u>**

**<u>અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે વૃધ્ધ દંપતીને માર મારી લુંટ ચલાવી, વૃધ્ધાની હત્યા કરેલ તે અનડીટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓ પકડી પાડતી અમરેલી પોલીસ</u>**

➯ **<u>ગુનાની વિગતઃ-</u>**

અમરેલી જિલ્લાના મોટા સમઢીયાળા ગામે ભરવાડપરા વિસ્તારમાં હરજીભાઇ હરીભાઇ શેલડીયા પોતાના પત્ની કમળાબેન સાથે એકલા રહેતા હતાં અને દુકાન ચલાવતા હતાં. ગઇ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રાત્રે કલાક ૧૦/૩૦ થી તા.૨૧/૦૭/૨૦૨૨ ના કલાક ૭/૩૦ દરમ્યાન કોઇ પણ સમયે અજાણ્યા આરોપીઓએ હરજીભાઇના ઘરમાં ચોરી/લુંટ કરવાના ઇરાદે પ્રવેશ કરેલ, આ દરમિયાનમાં હરજીભાઇ તથા તેમના પત્ની કમળાબેન જાગી જતાં, આરોપીઓએ હરજીભાઇ તથા તેમના પત્નીને હથિયારો વડે માર મારી, જીવલેણ ઇજાઓ કરી, કમળાબેનનું સ્થળ પર મોત નિપજાવી, રોકડા રૂ.૧૦,૦૦૦/- તથા અન્ય ચીજવસ્તુઓની લુંટ કરી નાસી ગયેલ. જે અંગે હરજીભાઇના ભત્રીજા વિપુલભાઇ શ્રીકાંતભાઇ શેલડીયાએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતાં **<u>ખાંભા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨૨૦૪૭૧/૨૦૨૨, આઇ.પી.સી.કલમ ૩૦૨, ૩૯૭, ૪૬૦, ૩૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫</u>** મુજબનો ગુનો રજી. થયેલ.

આ બનાવમાં ઇજા પામનાર હરજીભાઇ હરીભાઇ શેલડીયાનાઓને પણ ગંભીર ઇજાઓ થયેલ હોય તેમને તાત્કાલીક વધુ સારવાર અર્થે રાજકોટ સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ. ખુન જેવો ગંભીર બનાવ બનતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ગુનાવાળી જગ્યાએ પહોંચી ગયેલ અને તેમના માર્ગદર્શન હેઠળ આ ગુનાની તપાસ ખાંભા પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી જે.પી.ગઢવીનાઓ દ્વારા હાથ ધરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ખુન, લુંટ જેવા ગંભીર અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ આ ખુન અને લુંટના ગુનાને અંજામ આપી, નાસી જનાર અજાણ્યા આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા **સાવરકુંડલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષકશ્રી** નાઓના સુપરવિઝન હેઠળ **અમરેલી એલ.સી.બી., એસ.ઓ.જી. તથા ખાંભા પોલીસ સ્ટેશન**ની જુદી જુદી ટીમો બનાવી, આરોપીઓને પકડી પાડવા માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એસ.ઓ.જી. પો.સ.ઇ.શ્રી તથા ખાંભા પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી તથા તેમની પોલીસ ટીમો** દ્વારા અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. શકદારોને ચેક કરવામાં આવેલ. ગુના વાળી જગ્યાની આજુબાજુમાં રહેતા રહીશો તથા મરણ જનાર અને ઇજા પામનારના સગા સબંધીઓની પુછપરછ કરી, આ ગુનો બનવા પાછળના કારણ અંગે તપાસ કરવામાં આવેલ. અંગત બાતમીદારો અને ટેકનીકલ સોર્સ દ્વારા આરોપીઓ અંગે તપાસ કરતાં, ઇજા પામનાર હરજીભાઇ શેલડીયા સાથે તકરાર થયેલ હોય તેવા ખેત મજુરી કરતા ઇસમો આ ગુનો બનેલ ત્યારથી નાસી ગયેલ હોવાનું જાણવા મળતાં તે દિશામાં તપાસ કરતાં સમઢીયાળા ગામની આજુ બાજુના ગામોની સીમ/વીડી વિસ્તારમાંથી ચાર ઇસમોને રાઉન્ડ અપ કરી તેમની સઘન પુછપરછ કરતાં તેઓએ આ ગુનાને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

➯ **<u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>**

(૧) મંગાભાઇ સુરાભાઇ ચારોલીયા, ઉં.વ.૨૩, ધંધો-મજુરી, રહે.મોટા સમઢીયાળા (ઓઢાનુ), ૬૬ કે.વી.સબ સ્ટેશન પાસે, તા.ખાંભા, જિ.અમરેલી.

(૨) ધારશી ઉર્ફે ડગી અબુભાઇ ચારોલીયા, ઉં.વ.૨૦, ધંધો.ખેત મજુરી, રહે.મોટા સમઢીયાળા, ૬૬ કે.વી. સબ સ્ટેશન પાસે, તા.ખાંભા, જિ.અમરેલી.

(૩) સુરાભાઇ બાલાભાઇ ચારોલીયા, ઉં.વ.૫૩, ધંધો.મજુરી, રહે.મોટા સમઢીયાળા, તા.ખાંભા, જિ.અમરેલી

(૪) બાવભાઇ અબુભાઇ ચારોલીયા, ઉં.વ.૧૯, ધંધો.મજુરી, રહે.મોટા સમઢીયાળા, તા.ખાંભા, જિ.અમરેલી.

➯ **<u>લુંટમાં ગયેલ મુદ્દામાલઃ-</u>**

(૧) ઘરમાંથી રોકડા રૂ.૧૦,૦૦૦/-

(૨) મંગળસુત્ર નંગ-૧

(૩) છડાં જોડી-૧

(૪) પીળી ધાતુની બંગડીઓ- ૧૦

(૫) દુકાનમાંથી પરચુરણ ચલણી નોટ તથા સિક્કાઓ

➯ **<u>આરોપીઓ પાસેથી રીકવર કરેલ મુદ્દામાલઃ-</u>**

(૧) રોકડા રૂ.૫,૦૦૦/-

(૨) મંગળસુત્ર નંગ-૧

(૩) છડાં જોડી-૧

(૪) પીળી ધાતુની બંગડીઓ- ૫

(૫) દુકાનમાંથી ગયેલ ચલણી નોટ મળી રૂ.૭૭૦/- તથા ચલણી સિક્કા ૫૮૮

➯ **<u>ગુનાને અંજામ આપવા આરોપીઓએ ઉપયોગ કરેલ હથિયારોઃ-</u>**

(૧) કુહાડી – મંગા સુરા ચારોલીયા

(૨) લોખંડનો પાવડો – ધારશી ઉર્ફે ડગી અબુભાઇ ચારોલીયા

(૩) લોખંડનો પાઇપ – સુરા બાલા ચારોલીયા

(૪) લોખંડનો પાઇપ – બાવ અબુ ચારોલીયા

➯ **<u>ગુનો બનવા પાછળનું કારણ અને હેતુઃ-</u>**

(૧) ઇજા પામનાર હરજીભાઇને તેમનું મોટર સાયકલ વેચવાનું હોય જે મોટર સાયકલ આરોપી મંગા સુરા ચારોલીયાને લેવું હોય જેથી તા.૨૦/૦૭/૨૦૨૨ ના રોજ મંગા સુરા ચારોલીયા રૂ.૧૩૦૦૦/- લઇને હરજીભાઇની દુકાને ગયેલ પરંતુ હરજીભાઇએ તેને મોટર સાયકલ વેચવાની ના પાડેલ અને આ બાબતે આ બંને વચ્ચે ઝઘડો થયેલ અને હરજીભાઇએ મંગા સુરા ચારોલીયાને બે લાફા મારી લીધેલ હતા.

(૨) આશરે ત્રણેક મહિના પહેલા ઇજા પામનાર હરજીભાઇ સાથે ધારશી ઉર્ફે ડગી અબુભાઇ ચારોલીયાને ઝઘડો થયેલ હતો ત્યારે હરજીભાઇએ ધારશી ઉર્ફે ડગીને માર મારેલ હતો.

ઉપરોક્ત બંને આરોપીઓને માર મારેલ હોવાથી બંને આરોપીઓને ઇજા પામનાર સાથે બદલો લેવો હોય જેમાં અન્ય બે આરોપીઓ પણ જોડાયેલ અને હરજીભાઇને માર મારવા તથા તેમના ઘરેથી જે માલ મિલકત મળે તે લઇ લેવા ચારેય આરોપીઓ રાત્રે હરજીભાઇના ઘરે ગયેલ હતા.

**⇨ પકડાયેલ આરોપીઓનો ગુનાહિત ઇતિહાસઃ-**

**(૧) આરોપી મંગાભાઇ સુરાભાઇ ચારોલીયા વિરૂધ્ધ નોંધાયેલ ગુનાઓઃ-**

(૧) ખાંભા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૫/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી.પી.એક્ટ કલમ ૧૩૫

(૨) ખાંભા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨૨૨૦૦૬૭/૨૦૨૨, પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી)

**(૨) આરોપી સુરાભાઇ બાલાભાઇ ચારોલીયા વિરૂધ્ધ નોંધાયેલ ગુનાઓઃ-**

(૧) ખાંભા પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૨૮/૨૦૧૭, જુગાર ધારા કલમ ૧૨

(૨) ખાંભા પો.સ્ટે. નો.કો.નં. ૦૫/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૧૧૪

(૩) ખાંભા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨૦૦૮૭૨/૨૦૨૦, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ)

(૪) ખાંભા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨૨૦૯૨૯/૨૦૨૨, પ્રોહી એક્ટ કલમ ૬૫(એફ)

(૫) ખાંભા પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨૨૦૪૨૪/૨૦૨૨, જુગાર ધારા કલમ ૧૨

**⇨ પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકતઃ-**

આરોપીઓ મંગા સુરા ચારોલીયા અને ધારશી ઉર્ફે ડગી અબુ ચારોલીયાને હરજીભાઇ શેલડીયા સાથે અગાઉ ઝઘડો થયેલ હોય જેનું મનદુઃખ રાખી આ બંનેએ રાત્રિના સમયે આ હરજીભાઇના ઘરે જઇ તેને માર મારવાનું નક્કી કરેલ હતું અને ચારેય આરોપીઓ હરજીભાઇને માર મારવાનો સમાન ઇરાદો પાર પાડવા તા.૨૦/૦૭/૨૦૨૨ ના રોજ રાત્રે હરજીભાઇ શેલડીયાના ઘરે ગયેલ હતાં અને મંગા સુરા ચારોલીયાએ અગાઉથી જ કુહાડી પોતાની સાથે લઇ લીધેલ હતી.

હરજીભાઇ શેલડીયાના ઘરમાં તથા આજુબાજુના ઘરમાં બધા સુઇ ગયેલ હતા. હરજીભાઇના ઘરના ડેલાની બાજુમાંથી ફરજાના નળીયા ઉપર ચડાય તેમ હોય જેથી અન્ય આરોપીઓએ નીચેથી ટેકો કરી ધારશી ઉર્ફે ડગીને ઉપર ચડાવેલ જેથી આ ડગી નળીયા ઉપર થઇને ધાબા ઉપરથી અંદર ગયેલ અને અંદરથી ડેલો ખોલેલ હતો.

આરોપીઓ સુરા બાલા ચારોલીયા તથા બાવ અબુ ચારોલીયા બન્ને બહાર ધ્યાન રાખવા માટે ઉભા રહેલ હતા અને મંગો તથા ધારશી ઉર્ફે ડગી બન્ને હરજીભાઇના ઘરની અંદર ગયેલ અને ધારશી ઉર્ફે ડગીએ ત્યાં ફળીયામાંથી લોખંડના પાવડો લીધેલ અને હરજીભાઇના ઘરના દરવાજે જઇ દરવાજાને ધક્કો મારતા દરવાજો ખુલ્લો હોય અને રૂમમાં હરજીભાઇ તથા તેના પત્ની કમળાબેન બન્ને સુતેલા હતાં.

આ વખતે અવાજ થતાં હરજીભાઇ જાગી જતા ડગીએ તેની પાસે રહેલ લોખંડના પાવડાથી બે-ત્રણ ઘા હરજીભાઇના માથાના ભાગે મારેલ જેથી તે પડી ગયેલ અને વધુ અવાજ થતા કમળાબેન પણ જાગી ગયેલ જેથી મંગા સુરા ચારોલીયાએ તેને કુહાડીની મુંધરાટીનો એક ઘા માથાના ભાગે મારેલ અને

ડગીએ તેની પાસે રહેલ લોખંડના પાવડાના બે-ત્રણ ઘા માથામાં મારતા કમળાબેન પણ પડી ગયેલ અને બન્નેને લોહી નીકળવા લાગેલ.

બાદ આ બંન્ને આરોપીઓએ ચોરી કરવા માટે હરજીભાઇના ઘરમાં રહેલ કબાટ ખોલતાં લોક મારેલ નહી હોવાથી કબાટ ખુલી ગયેલ અને કબાટમાં રહેલ સામાન બહાર કાઢી કબાટમાં જોતા દસ જેટલી પીળી ધાતુની બંગડીઓ, મંગળસુત્ર, છડાં જોડી-૧ તથા રોકડા રૂ.૧૦૦૦૦/- મળેલ તે આરોપીઓએ લઇ લીધેલ.

બાદ આરોપીઓએ હરજીભાઇના ઘરમાં તથા દુકાનમાં મિલકત અંગે શોધખોળ કરી, દુકાનમાંથી પરચુરણ સિવાય બીજું કંઇ હાથ નહીં લાગતાં આરોપીઓ પોત-પોતાના ઘરે જતા રહેલ અને બાદમાં પોલીસ દ્વારા આરોપીઓની શોધખોળ થતાં આરોપીઓ નાસી ગયેલ અને સીમ વિસ્તારમાં નાસતા ફરતા હતાં.

આ કામના ચાર આરોપીઓ પૈકી મંગા સુરા, સુરા બાલા અને બાવ અબુ એમ ત્રણ આરોપીઓની ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલ છે અને એક આરોપી ધારશી ઉર્ફે ડગી અબુ હાલ સારવાર હેઠળ હોય, તે હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થયે તેની ધરપકડ કરવામાં આવશે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને **સાવરકુંડલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ના માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એસ.ઓ.જી. પો.સ.ઇ.શ્રી તથા ખાંભા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી., એસ.ઓ.જી. અને ખાંભા પોલીસ સ્ટેશનની ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



**પ્રેસનોટ – તા.૨૮/૦૭/૨૦૨૨**

**અમરેલી જિલ્લા જેલમાં પ્રોહિબિશનના ગુનામાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવતા અને કોરોના સમયમાં નામ.સુપ્રિમ કોર્ટની ગાઇડ લાઇન મુજબ જેલમાંથી છુટીને દોઢ વર્ષથી ફરાર થઇ ગયેલ કેદીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

**સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં-૧૧૧૯૩૦૫૨૨૦૦૧૭૦/૨૦૨૦, પ્રોહી એક્ટ કલમ-૬૬(૧)બી** મુજબના ગુનાના કામે અમરેલી જિલ્લા જેલમાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવતા કેદીને નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સુઓમોટો રીટ પીટીશન નંબર ૦૧/૨૦૨૦ ના કામે થયેલ હુકમના આધારે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૨૪/૦૩/૨૦૨૦ ના રોજ પરિપત્ર નંબર જે.એલ.કે./૩૯૨૦૨૦/જી.ઓ.આઇ./૧૩/જે થી હાઇપાવર કમિટીની તા.૨૮/૦૩/૨૦૨૦ ની ગાઇડલાઇન તથા માર્ગદર્શન મુજબ તા.૨૮/૦૩/૨૦૨૦ ના રોજ મુક્ત કરવામાં આવેલ અને મજકુર કેદીને તા.૨૧/૧૨/૨૦૨૦ ના રોજ અમરેલી જિલ્લા જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ મજકુર કેદી જેલમાં હાજર થવાને બદલે ફરાર થઇ ગયેલ હતો.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** દ્વારા આજ તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન ફરાર થયેલ કેદીને અમરેલી મુકામેથી પકડી પાડી, અમરેલી જિલ્લા જેલ ખાતે કેદ રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.

➡ **પકડાયેલ કેદીનું નામઃ-**

**ગોવિંદ રામા યાદવ, ઉ.વ.૨૨, રહે. હાલ સમાત્રા, તા.જિ.ભુજ, મુળ રહે.ગેવટીયર, ગૌરીબજાર, જિ.ગોરખપુર, (ઉતરપ્રદેશ).**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ – તા.૨૯/૦૭/૨૦૨૨**

**ધારી તાલુકાના શીવડ ગામ તરફ જવાના રસ્તે પીલુકીયા નદીના પુલના સામાકાંઠે જાહેરમાં રમતા ચાર ઇસમોને રોકડ રકમ, હાથબત્તી તથા જુગારના સાહિત્ય સહિત કુલ કિં.રૂ. ૧૩,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં પ્રોહિબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

ગઇ કાલ તા.૨૮/૦૭/૨૦૨૨ ના સાંજના સમયે પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, શીવડ ગામ તરફ જવાના રસ્તે પીલુકીયા નદીના પુલના સામાકાંઠે જાહેરમાં હાથબત્તીના અજવાળે અમુક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી. ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં જાહેરમાં જુગાર રમતાં કુલ **ચાર ઇસમો**ને રોકડ રકમ, હાથબત્તી અને જુગારના સાહિત્ય સાથે ઝડપી લઇ, પકડાયેલ તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી **ધારી પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➡ **જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-**

**(૧) જોરૂભાઇ દેવકુભાઇ મકવાણા, ઉં.વ.૨૬, રહે.શીવડ, તા.ધારી, જિ.અમરેલી.**
**(૨) વિપુલભાઇ મનસુખભાઇ દેવમુરારી, ઉં.વ.૪૭, રહે.ધારી, મારૂતી નગર-૨, તા.ધારી, જિ.અમરેલી.**
**(૩) મહેશભાઇ ખુશાલભાઇ ધકાણ, ઉં.વ.૪૭, રહે.ધારી, શિવનગર સોસા. તા.ધારી, જિ.અમરેલી.**
**(૪) જીતુભાઇ શાંતીલાલ જયસ્વાલ, ઉં.વ.૫૨, રહે.ધારી, જુનો સીનેમા રોડ, તા.ધારી, જિ.અમરેલી.**

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૧૩,૧૦૦/- તથા હાથબત્તી નંગ-૦૧, કિ.રૂ.૧૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨, કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૩,૨૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.